જન્મદિને વધામણી

આહના મેહુલ શાહ
મો. ૯૮૨૫૫ ૩૧૬૬૯

પ્રેષ્ઠા કુણાલ ગઢવી
મો. ૯૯૨૫૨ ૪૫૬૦૭

જયદીપ ડી વ્યાસ
મો. ૭૫૬૭૨ ૧૬૬૬૯

વિવેક જે મહેતા
મો. ૭૮૭૮૬ ૨૭૨૯૬

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

હિલવુડ સ્કૂલના વિદ્યાર્થીઓ રાજયપાલની મુલાકાતે

હિલવુડ સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલશ્રી ઓ.પી. કોહલીની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા પુછાયેલા વિવિધ પ્રશ્નોના રાજયપાલશ્રીએ રસપ્રદ પ્રત્યુત્તરો આપ્યા હતા અને વર્તમાન સમયમાં શિક્ષણનું કેટલું મહત્વ છે તેની સમજ આપી હતી. આ પ્રસંગે શાળાના આચાર્યા શ્રીમતી સુનિતા સેગલ તથા શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતાં.

તારાપુર ગામે એન.એસ.એસ.ની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૫

તાજેતરમાં શ્રીમતી માણેકબા કૃષિ વિદ્યાલય અડાલજના એન.એસ.એસ. વિભાગ દ્વારા તારાપુર ખાતે શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં ધોરણ-૧૧ના ૫૦ વિદ્યાર્થીઓ અને ૬ શિક્ષકો જોડાયા હતા. શિબિર દરમિયાન દરરોજ ગામ સફાઈ, વ્યસનમુકિત અને શિક્ષણ અભિયાન રેલી યોજવામાં આવી હતી. સ્વચ્છતા અભિયાન અને મહિલા જાગૃતિના ખાસ વિશિષ્ટ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા તેમજ લવારપુરના શિક્ષક શાંતિલાલ સાવલીયાએ ચાઈલ્ડ કાઉન્સેલીંગ ઉપર પ્રેરક ઉદબોધન આપ્યું હતું. શિબિરના ઉપક્રમે યોજાયેલ ગ્રામસભામાં પ્રાંતિજ પીટીસી કોલેજના અધ્યાપક અને કેન્સર વિજેતા રસિકભાઈ પરમારનું વ્યસનો અને તંદુરસ્તી પર પ્રેરક ઉદબોધન ગોઠવવામાં આવ્યું હતું. જેમાં રસિકભાઈ પરમારે જણાવ્યું હતું કે બે વખત કેન્સરનો હુમલો અને આઠ જેટલી અસાધ્ય બિમારીની વચ્ચે પણ અડીખમ રહી આર્યુવૈદિક ઉપચારની સાથે ધ્યાન, યોગા અન પ્રાણાયામ દ્વારા કેન્સરની જીવલેણ બિમારી પર વિજય મેળવ્યો છે. આ શિબિર દરમિયાન તેઓએ સંઘર્ષ ભર્યા સમયનું વર્ણન કરી ગ્રામવાસીના દિલ જીતી લીધા હતા અંતે તેઓએ જણાવ્યું હતું કે બિમારીથી ગભરાઓ નહી પરંતુ મકકમતાથી તેનો સામનો કરવો જોઈએ તથા માનસિક ભયના કારણે જ ઘણીવાર દર્દીઓ મૃત્યુ પામતા હોય છે. આ શિબિરના પુર્ણાહુતિ કાર્યક્રમમાં તારાપુરના સરપંચ દશરથજી ઠાકોર, નિયામક ફૂલજીભાઈ પટેલ, આચાર્ય સુરેશભાઈ પટેલ, શિબિર પ્રોગ્રામ ઓફિસર મોતીભાઈ રબારી, હેડ કલાર્ક કરણસિંહ બિહોલા ઉપસ્થિત રહ્યા હતા. શિબિરને સફળ બનાવવા બચુભાઈ પાંડોરે જહેમત ઉઠાવી હતી. જયારે શિબિરનું સંચાલન શાળાની વિદ્યાર્થીની સભ્યા રાજપૂત અને હેમાંગીએ કર્યું હતું.

શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે શૈક્ષણિક સંકલન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના ચાલુ શૈક્ષણિક વર્ષના ધોરણ-૯ના વિદ્યાર્થીઓના વાલીઓ અને વિદ્યાર્થીઓ સાથે રાખી શૈક્ષણિક સંકલન શિબિરનું આયોજન ખીમજી વિસરામ હોલમાં કરવામાં આવ્યું હતું શિબિરની શરૂઆત મહેમાનશ્રી ના વરદહસ્તે દિપપ્રાગટયથી કરવામાં આવી હતી.ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થનાની રજૂઆત કરવામાં આવી હતી.મહેમાન કેમ્પસ ડાયરેકટર ડૉ.સોમભાઈ.સી.પટેલનું સ્વાગત શાળાના આચાર્ય બચુભાઈ.કે.પટેલેના હસ્તે કરવામાં આવ્યું હતું. અને આચાર્યશ્રીએ મહેમાનશ્રીનો ટૂંકો પરિચય આપ્યો હતો. ડૉ.સોમભાઈ પટેલે સૌપ્રથમ સંસ્થાની સ્થાપના,ઉદેશ,ધ્યેય અને તેની શરૂઆત તથા ગાંધીનગરમાં શેઠ સી.એમ.હાઈસ્કૂલની સ્થાપના અને તેની અવિરત પ્રગતિની જાણકારી વાલી અને વિદ્યાર્થીઓને આપી શુભેચ્છા પાઠવી હતી. શાળાના આચાર્યશ્રીએ ધોરણ - ૯ ના વિદ્યાર્થીઓને આગામી ધોરણ - ૧૦માં અત્યારથી જ કેવી રીતે તૈયારી કરવી જેથી ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરી શકાય તેનું માર્ગદર્શન આપ્યું હતું.

શાળાના સુપરવાઈઝર પ્રહલાદભાઈએ ટૂંકી બોધ કથા દ્વારા પ્રેરણા દાયક સૂચનો કર્યા હતા. શાળાના શિક્ષકશ્રી કનુભાઈ પટેલે ધોરણ-૧૦માં FA ૧,૨,૩, ૪ તથા જીછ-૧ અને SA - ૨ ગુણાંકન પધ્ધતિની સંપૂર્ણ સમજૂતી આપી વાલીશ્રીઓને માહિતગાર કર્યા હતા. શિબિરમાં વાલીશ્રીઓના મંતવ્ય લેવામાં આવ્યા હતા, વાલી પ્રભુદાસભાઈ ચૌધરી તથા વૈશાલીબેન પટેલ, આર. જી. ચૌધરીએ પોતાના મંતવ્ય અને સૂચનો રજૂ કર્યા હતા અને સંસ્થાની કમગીરીથી સંતોષ વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહેશભાઈ વડાલિયા સાહેબે કર્યું હતું. શિબિરને અંતે આભારવિધિ રમેશચંદ્ર ચૌહણે કરી હતી.

નહેરુ યુવા કેન્દ્ર દ્વારા

યુથ લીડરશીપ ટ્રેનિંગનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના નહેરુ યુવા કેન્દ્ર દ્વારા નવી દિલ્હીના વિશ્વ યુવક કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે આજથી તા. ૧લી માર્ચ સુધી સે. ૧૬ ખાતે યુથ લીડરશીપ એન્ડ કોમ્યુનીટી ડેવલપમેન્ટ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું છે. ટ્રેનીંગના ઉદ્ઘાટન સમારોહમાં નહેરુ યુવા કેન્દ્રના ઝોનલ ડિરેક્ટર અનીતા ભારતી, પ્રેસ સેક્રેટરી પુલક ત્રિવેદી, જશવંત ગાંધી, ઉત્કર્ષ ફાઉન્ડેશનના કુસુમબેન કૌર વ્યાસ, ઉદ્ગમ ટ્રસ્ટના મયુર જોષી, વિશ્વ યુવા કેન્દ્ર, દિલ્હીના પ્રવિણભાઈ શર્મા અને નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગરના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર ઉપસ્થિત રહ્યા હતા.

આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ યુવાનોની ક્ષમતાનો વિકાસ કરી નેતૃત્વ શક્તિ વધારી તેમની શુપ્તુમ શક્તિઓનો રાષ્ટ્ર ઘડતરમાં ઉપયોગ કરવાનો છે. આ તાલીમ કાર્યક્રમમાં સામાજિક અને યુવા પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ૫૦ જેટલા યુવાનો ભાગ લઈ રહ્યા છે. તાલીમ દરમ્યાન વિવિધ વક્તાઓ દ્વારા માર્ગદર્શન તથા ગ્રામ્ય વિસ્તારોમાં ફિલ્ડ વિઝીટ વિધાનસભા, ઈન્દ્રોડા પાર્કની મુલાકાત વગેરે યોજાશે.

ધો-૧૦ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ

ગાંધીનગર, તા. ૨૬

રોજ શેઠ સી.એમ.હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના ધો-૧૦માં ભણતા વિદ્યાર્થીઓનો શુભેચ્છા કાર્યક્રમ શાળાના પટાંગણમાં રાખેલ હતો.ગાયત્રી પરિવારના મહાનુભાવો શ્રી ઠક્કરસાહેબ અને શ્રીમતી ભારતીબેન પટેલ દ્વારા કુમકુમ તિલક અને પુષ્પ વર્ષા કરી ગાયત્રીમાતાના મંત્રોચ્ચાર કરી વિદ્યાર્થીઓને પરિણામની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી. શાળાના આચાર્યશ્રી બી.કે પટેલ સાહેબે પણ બોર્ડની પરિક્ષાની પધ્ધતિ અને ઉચ્ચ પરિણામ આવે તેવું યોગ્ય માર્ગદર્શન પુરું પાડ્યું હતું. શાળાના સુપરવાઈઝરશ્રી પ્રહલાદભાઈ પટેલે બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓને ટેન્શનમુક્ત રહીને પરીક્ષા આપવી અને આરોગ્ય સચવાય તે અને પરીક્ષામાં સારા ગુણે ઉત્તિર્ણ થાય તેવા શુભ આશિષ આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી મહેશભાઈ વડાલિયાએ કર્યું હતું. તદ ઉપરાંત પરીક્ષાલક્ષી યોગ્ય સૂચનો અને વિદ્યાર્થીઓ બોર્ડમાં સારી સફળતા મેળવે તેવા શુભ આશિષ આપ્યા હતા. શિક્ષિકાબહેનશ્રી બિદુંબેન ચૌહાણે આભારવિધિ કરી હતી. સમગ્ર શાળા પરિવારે કાર્યક્રમને સફળ બનાવવા સહકાર આપ્યો હતો.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૫

નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ગુજરાત રાજય ગાંધીનગરના આદેશથી ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે આ.નિ. શાળા (અ.જા.) કન્યામાં ૧૫ વિદ્યાર્થીનીઓએ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાંથી ત્રણ વિદ્યાર્થીનીઓને નંબર આપવામાં આવ્યા હતા. તે જ રીતે આ.નિ. શાળા (કુમાર)માં પણ ૧૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ત્રણ નંબર આપવામાં આવ્યા હતા. આદર્શ નિ. શાળા (અ.જા. કન્યા) સેકટર-૮ ગાંધીનગર ખાતે બંનેના ઉપક્રમે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાયબ નિયામક પી.બી. સોયેતર હાજર રહ્યા હતા. સ્પર્ધામાં વાણિયા પાયલ-પ્રથમ નંબર, વાઘેલા ચેતન-બીજો નંબર અને ચાવડા રોહન એ ત્રીજો નંબર મેળવ્યો હતો. જેમને નિયામક તરફથી અનુક્રમે રૂ. ૨૧૦૦, ૧૫૦૦ અને ૭૫૧નું ઈનામ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત નિયામક સોયેતર સાહેબે ભાગ લેનાર તમામને ૫૦૦ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું. સ્પર્ધામાં સફળ થનાર તમામને કે.એમ. ચૌહાણ, એમ.જે. કટાર તેમજ સમગ્ર સ્ટાફે અભિનંદન આપ્યા હતા. કાર્યક્રમમાં નિર્ણાયકની ભૂમિકામાં જયેશબાળા શાહ, ખુશ્બુબેન તેમજ જાનકીબેને ભૂમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વી.સી. ઉપાધ્યાયે કર્યું હતું.

'સ્કેલ - નોટેશન'ની આ કલાકારોને ક્યાં જરૂર છે...કેવળ હૃદયના ભાવથી માહોલ જમાવી દે છે...

"તમે સાંભળી રહ્યાં છો, જિંદગી એકસપ્રેસ આરતીની લખેલી વાર્તા, આરતીની સાથે ૯૪.૩ માય એફ.એમ. ઉપર હું છું આરતી ને મેં વાર્તા કહી....' આ અવાજનો રણકો ગઈકાલે સમીસાંજે સેકટર-૧૬ની અંધશાળાના પટાંગણમાં ગૂંજી ઉઠ્યો. બસ, પછી તો ખલાસ...અંધશાળાના એકેએક વિદ્યાર્થી આ અવાજ સાંભળી હર્ષોલ્લાસથી ચિચિયારી પાડીને આ અવાજને વધાવી લીધો...

આ અવાજમાં એવું તે શું હતું? આ અવાજને અંધશાળાના પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ કેમ આટલી કિલકારીઓ પાડીને આવકાર્યો એ સમજવા થોડા ફ્લેશ બેકમાં જવું પડશે. ગયા વર્ષે ગાંધીનગરમાં વન્ડરફૂલ વુમનનો કાર્યક્રમ યોજાયો હતો અને વન્ડલફૂલ વુમનની પસંદગી માટે નિમંત્રિત નિર્ણાયકોની પેનલમાં માય એફ.એમ. રેડિયો ચેનલના આર.જે. આરતી પટેલ હતા. કાર્યક્રમમાં શ્રીમતી લીનાબહેન મહેતાના નામની ઘોષણા આર.જે. આરતીએ કરી અને તે સમયે ઓડિયન્સમાંથી બહુ મોટા અવાજો સાથે આ આખી વાતને વધાવી લેવામાં આવી. આર.જે. આરતીને આટલી મોટી સંખ્યામાં લોકોએ વધાવી લેતાં એકદમ આશ્ચર્ય થયું. તેણે લીનાબહેનની સામે પ્રશ્નાર્થ વદને જોયું. ત્યારે લીનાબહેને આરજે આરતીને કહ્યું કે, "આ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ છે, જેમને ઈશ્વરે દૃષ્ટિ આપી નથી, પરંતુ ખૂબ સરસ કલા કૌશલ્ય આપ્યું છે. રોજ રાત્રે આ બધા જ વિદ્યાર્થીઓ માય એફ.એમ. રેડિયો ઉપર 'જીંદગી એકસપ્રેસ'માં તમારી વાર્તાને હૃદયપૂર્વક સાંભળે છે. એટલે જ, તમારો અવાજ સાંભળીને તરત ઓળખી ગયા અને ગેલમાં આવી ગયા." લીનાબહેનની આ વાત આરજે આરતીને હૃદય સોંસરવી ઉતરી ગઈ અને ૨૧ માર્ચ શનિવારના રોજ એમની જીંદગી એક્ષપ્રેસ પુસ્તક લોન્ચિંગ થયું ત્યારે તેમને ગાંધીનગરની આ 'વન્ડરફૂલ વુમન' લીનાબહેન મહેતા અને અંધશાળાના આ ભૂલકાંઓને બોલાવ્યા. એ દિવસે આરજે આરતીએ કમિટમેન્ટ આપ્યું કે, "હું મારી માય એફ.એમ. રેડિયોની ટીમ સાથે આ વિદ્યાર્થીઓની શાળામાં જઈને એમની સાથે વાર્તાલાપ કરીશ અને એમની સાથે ગીત-સંગીતનો જલસો યોજીશ. લીનાબહેન ૨૦૦૪થી આ ભૂલકાંઓ સાથે તેમના વિકાસ માટે જોડાયેલાં છે એ પ્રજ્ઞાચક્ષુ બાળકો સાથે હું આખી એક સાંજ વિતાવીશ."

ફ્લેશ બેક ઓવર એન્ડ નાઉ

કટ ટૂ ફેબ્રુઆરી ૨૫, ૨૦૧૬...

આર.જે. આરતીબહેન બેઝીકલી એક પ્રોડક્શન હાઉસ સાથે સંકળાયેલા છે, ખૂબ સારા કલાકાર છે. 'મોતીના ચોક રે સપનાંમાં દીઠા', 'ગગો કે'દાડાનું પૈયણું પૈયણું કરતો તો' જેવી સફળ ગુજરાતી ફિલ્મોનું પ્રોડ્ક્શન આરતીબેને કર્યું છે. સૂર-સંગીત અને સાહિત્યની જબરજસ્ત જાણકારી છે એવા આરજે આરતી એમની એફ.એમ.ની મ્યુઝિક ટીમ લઈને આ પ્રજ્ઞાચક્ષુ બાળકો વચ્ચે 'ઓલ ઓફ અ સડન' આવી ગયા. 'રોસ્ટિક કલર બેન્ડ'ના લોકપ્રિય અને જોરદાર યુવા કલાકારબંધુઓ અંકિત પટેલ - વોકાલિસ્ટ, નિખિલ ગુપ્તા - બેઇઝ ગિટારિસ્ટ અને કેવલ લિંબડ - ગિટારિસ્ટની ટીમ જ્યારે 'માઈક' પર આવી તે પહેલાં આ પ્રજ્ઞાચક્ષુ બાળકો સાથે જાણે વર્ષોથી

નોખું - અનોખું

પુલક ત્રિવેદી

એમને ઓળખતા હોય એમ ગિટાર લઈને કૂંડાળું થઈને બેસી ગયા. ૧૦મા ધોરણમાં ભણતો પ્રજ્ઞાચક્ષુ બાળક મોહિત 'ગલીયાં તેરી ગલીયાં..., જનમ જનમ..., આદત...' જેવા તદ્દન નવાં ગીતો એની ફ્લ્યુટ પર વગાડતો હતો ત્યારે વોકાલિસ્ટ અંકિત પહોંળી આંખે આ નજારો જોઈને મને કહેવા લાગ્યો, ' જ્યારે કોઈ કલાકારને ઈન્સ્ટ્રુમેન્ટ પર ગીત વગાડવાનું કહેવામાં આવે તો તેના 'સ્કેલ અને નોટેશન'ની ભાષા મ્યુઝિશિયનને આપવી પડે. પણ, આ મોહિત જેવાં બોર્ન આર્ટિસ્ટને આની જરુર નથી. આ લોકો આનાથી ઉપર છે. બહુ જોરદાર બળકો છે યાર મોજ આવશે.'

પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ મોહિત, કૌશલ, અંજલિ, પ્રીતિએ બેઝ ઓક્ટોપેડ, તબલાં, ફ્લ્યુટ, ઢોલક સાથે આખા વાતાવરણને હસીન અને રંગીન બનાવી દીધો. કેવલ, અંકિત, નીખિલ અને આ ચાર પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓની ટીમે ભેગા થઈને ગીત-સંગીતની એવી રમઝટ બોલાવી જાણે આખું આસમાન એ સાંજે સ્થિર બનીને સેકટર-૧૬ની અંધશાળાના પટાંગણમાં ટમટમતાં આ તારલાંઓને નિરખી રહ્યું. આરજે આરતીએ એક લાગણીસભર વાર્તા પણ આ વિદ્યાર્થીઓને કરી. વિદ્યાર્થીઓ એકદમ મોજમાં અને ગેલમાં આવી ગયા. અત્રે ઉલ્લેખનીય છે કે, આ 'રોસ્ટિક કલર્સ બેન્ડ'ના મિત્રો અંકિત, કેવલ, નિખિલ અને એમનાં મ્યુઝિશિયન અને વોકાલિસ્ટસ આખાં રાજ્ય તેમજ દેશની પ્રતિષ્ઠિત કોલેજોના યુવાનો સામે પરફોર્મન્સ આપે છે. ઈન્ડિયન ઓસન, દર્શન રાવળ, અંકિત તિવારી જેવાં હિન્દુસ્તાનના બહુ જાણીતા ગૃપના શોમાં પણ આ મિત્રોએ તેમની અદ્ભૂત કલાના ઓજસ પાથર્યા છે. એવા જોરદાર 'રોસ્ટિક કલર્સ બેન્ડ'ના મિત્રોએ ગઈકાલે આ ટાબરીયા પણ મજબૂત પ્રજ્ઞાચક્ષુ કલાકારો વચ્ચે જઈને એમની સાથે ટીમ બનાવીને ખૂબ મોજ કરી.

અંધશાળામાં એક દાયકા કરતાં પણ વધુ સમયથી પ્રજ્ઞાચક્ષુ બાળકોના વિકાસ માટે સતત અવિરત આનંદપૂર્વક મહેનત કરતાં લીનાબહેન અને ચંદ્રકાંતભાઈના આ કપલને કાલે મનોમન આ મ્યુઝિશિયનોએ અને સૌ કોઈએ 'સેલ્યુટ' મારી. આરજે આરતીએ એકવાર ૯૪.૩ એફ.એમ. પર મહેતા યુગલ માટે સરસ કીધેલું કે, "જ્યારે પ્રજ્ઞાચક્ષુ બાળકોએ ચિચિયારી પાડીને મારા અવાજને ગાંધીનગરના ઓડિટોરીયમમાં ઓળખી કાઢ્યો ત્યારે મને ખૂબ સારું લાગ્યું. કોઈપણ અપેક્ષા વગર, કોઈપણ પ્રસિદ્ધિની લાલચ વગર, કોઈપણ આર્થિક ઉપાર્જનની ઈચ્છા વગર કોઈના માટે કંઈક કરવાની મહેતા યુગલની આ વાત હૃદયસ્પર્શી છે. દરેકનો સેવા કરવા માટેનો માર્ગ નોખો હોય છે. એમણે જ સંશોધિત કરેલો આ માર્ગ હોય છે અને એમાં જ દિવ્ય આનંદ સમાયેલો હોય છે.' આર.જે. આરતી, રોસ્ટિક કલર્સ બેન્ડના મિત્રો, મહેતા યુગલ અને પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી કલાકારોના આ ચતુષ્કોણે સેકટર-૧૬ની અંધશાળાના ચોકમાં આનંદ, ઉત્સાહ અને મોજનાં મોતીના દાણા વેર્યા... આગામી બે-ચાર દિવસમાં ૯૪.૩ 'માય એફ.એમ.' ઉપર "જિંદગી એકસપ્રેસ" કાર્યક્રમમાં ગાંધીનગરના આ પ્રજ્ઞાચક્ષુ બાળકો આરજે આરતી સાથે સાંભળવા મળશે.

તસવીર : કશ્યપ નિમાવત

રોટરી ક્લબ દ્વારા પોસ્ટ બજેટ એનાલિસીસ સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરની રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા તા. ૨જી માર્ચે સાંજે ૬ કલાકે સે. ૨૩ના કડી સર્વ વિદ્યાલય કેમ્પસના બ્રહ્માણી કૃપા હોલ ખાતે "પોસ્ટ બજેટ એનાલિસીસ એન્ડ ઈકોનોમિક સર્વે" સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પૂર્વ પ્રમુખ સુનિલભાઈ તલાટી તથા નડિયાદની ધરમસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યુટ ઓફ કોમર્સના પૂર્વ પ્રિન્સિપાલ તથા ઈકોનોમિસ્ટ ગોવિંદભાઈ શાહ ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત આ કાર્યક્રમમાં રોટરીના ડિસ્ટ્રીક્ટ ગર્વનર લલિત શર્મા અને પૂર્વ પ્રમુખ ડૉ. એસ.કે. નંદા પણ ઉપસ્થિત રહેશે. આ સેમિનારમાં દેશના નાણામંત્રી અરૂણ જેટલી દ્વારા પ્રસ્તુત કરવામાં આવનાર નાણાકીય અંદાજપત્રની સમીક્ષા કરવામાં આવશે.